# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

1) ભારત અને અમેરિકાએ વર્ષ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરીને 500 અબજ ડોલર કરવાનો નિર્ણય લીધો છે.

2) મણિપુરમાં રાષ્ટ્રપતિશાસન લાગુ કરવામાં આવ્યુઃ

3) પ્રયાગરાજમાં મહાકુંભમાં ગઈકાલે 80 લાખથી વધુ શ્રધ્ધાળુઓએ પવિત્ર ડુબકી લગાવી.

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે હલ્દવાનીમાં રાષ્ટ્રીય રમતોત્સવનાં સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

5) ક્રિકેટમાં, મહિલા પ્રિમીયર લીગનો આજથી પ્રારંભઃ પ્રથમ મેચ વડોદરામાં આરસીબી અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે રમાશે.

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM AMERICA NEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારત અને અમેરિકાએ વર્ષ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરીને 500 અબજ ડોલર કરવાનો નિર્ણય લીધો છે.

સંયુક્ત પત્રકાર પરિષદમાં શ્રી મોદીએ જણાવ્યું કે, ભારત અને અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવાનું ચાલુ રાખશે. તેમણે જણાવ્યું કે, બંને દેશો વચ્ચેનો સહયોગ અને સહભાગિતા વધુ સારા વિશ્વનાં નિર્માણમાં સહાયક બની શકે છે. શ્રી મોદીએ જણાવ્યું કે, બંને પક્ષો વ્યૂહાત્મક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સંબંધોને ગાઢ બનાવશે. આ અંતર્ગત મહત્વપૂર્ણ ખનીજ, આધુનિક સામગ્રી અને ફાર્માસ્યુટિકલ્સની મજબૂત પુરવઠા શ્રુંખલા પર ભાર મૂકવામાં આવશે.

અગાઉ પ્રધાનમંત્રી મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે વોશિંગ્ટન ડીસી ખાતે વ્હાઇટ હાઉસ ખાતે દ્વિપક્ષીય બેઠક યોજાઇ હતી. શ્રી ટ્રમ્પે શ્રી મોદીને એક મહાન નેતા ગણાવ્યા. તેમણે કહ્યું કે શ્રી મોદી મારા મિત્ર છે અને મને તેમને મળીને આનંદ થયો. તેમણે કહ્યું કે અમેરિકા ભારતને તેલ અને ગેસ આપશે. શ્રી મોદીએ કહ્યું કે શ્રી ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન, ભારત અને અમેરિકા વચ્ચેની નિકટતા નવી ઊંચાઈએ પહોંચી હતી. શ્રી મોદીએ કહ્યું કે તેઓ ખુશ છે કે શ્રી ટ્રમ્પે યુક્રેન મુદ્દા પર પહેલ કરી છે

## (BYTE: MODIJI)

શ્રી મોદીએ શ્રી ટ્રમ્પ ને ભારત આવવાનું આમંત્રણ આપ્યું.

# PM - US ELON MUSK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વોશિંગ્ટન ડીસીમાં ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક સાથે મુલાકાત કરી હતી. શ્રી મોદીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમણે શ્રી મસ્ક સાથે અવકાશ, ગતિશીલતા, ટેકનોલોજી અને નવીનતા સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી, જેના માટે શ્રી મસ્ક ખૂબ જ પ્રતિબદ્ધ છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમણે સુધારા અને લઘુત્તમ સરકાર-મહત્તમ શાસનને આગળ વધારવા માટેના ભારતના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી મોદીએ કહ્યું કે શ્રી મસ્કના પરિવારને મળીને અને વિવિધ વિષયો પર ચર્ચા કરીને પણ આનંદ થયો.

# REV:LS-RECESS

બજેટ સત્રનો પ્રથમ તબક્કો ગઇકાલે પૂર્ણ થતાં લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી 10 માર્ચ સુધી સ્થગિત કરાઇ.

લોકસભામાં, સ્પીકર ઓમ બિરલાએ જણાવ્યું કે, સત્રના પ્રથમ તબક્કામાં 112 ટકા ઉત્પાદકતા નોંધાઈ છે. તેમણે ગૃહને માહિતી આપી કે, સંસદના સંયુક્ત સત્રમાં રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ પર ચર્ચામાં 177 સભ્યોએ 17 કલાકથી વધુ સમય સુધી ભાગ લીધો હતો.

તેમણે એમ પણ કહ્યું કે, 170 સભ્યોએ સામાન્ય બજેટ 2025-26 પર ચર્ચામાં ભાગ લીધો હતો. વક્ફ (સુધારા) બિલ 2024 પર સંયુક્ત સમિતિનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. દરમિયાન, રાજ્યસભા પણ મુલતવી રાખવામાં આવી છે.

# FUR. REV. MANIPUR-PREZ RULE

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું છે. ગૃહ મંત્રાલયે આ અંગે સત્તાવાર જાહેરનામું બહાર પાડ્યું છે. જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મણિપુરના રાજ્યપાલ તરફથી મળેલા એક અહેવાલ પર વિચાર કર્યા બાદ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા મુખ્યમંત્રી એન બિરેન સિંહે રાજીનામું આપ્યું હતું. બંધારણના અનુચ્છેદ 356 દ્વારા મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે. જાહેરનામામાં જણાવાયું છે કે વિધાનસભાને પણ સ્થગિત કરવામાં આવી છે.

# J&K-NATIONAL HIGHWAY

કેન્દ્ર સરકારે છેલ્લા 5 વર્ષમાં જમ્મુ અને કાશ્મીરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોના વિકાસ અને જાળવણી માટે 29 હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યા છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ગઈકાલે સંસદમાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે સરકારે છેલ્લા પાંચ વર્ષમાં એક હજાર કિલોમીટરથી વધુ રસ્તાઓનું નિર્માણ કર્યું છે.

શ્રી ગડકરીએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં રોડ નેટવર્કને આધુનિક બનાવવા માટે વધુ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આમાં ધોરીમાર્ગોને ચાર-માર્ગીય બનાવવા અને અનેક ટનલનું બાંધકામ અને અન્ય મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે, માળખાગત

સુવિધાઓમાં સતત રોકાણ સાથે, કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીરમાં ધોરીમાર્ગના નિર્માણને વેગ આપી રહી છે. રાજ્યમાં આર્થિક અને પ્રાદેશિક વિકાસ પર ભાર મૂકતી વખતે મુસાફરીને વધુ સુરક્ષિત અને સુલભ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# MAHAKUMBH - PROMINENT DEVOTEE

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભના ત્રિવેણી સંગમમાં ગઇકાલે 80 લાખથી વધુ ભક્તોએ પવિત્ર ડૂબકી લગાવી હતી. આ મહા આસ્થાના ઉત્સવમાં ભારત અને વિદેશથી લાખો ભક્તો આવી રહ્યા છે. અમારા સંવાદદાતાએ જણાવ્યું કે અત્યાર સુધીમાં 49 કરોડ 14 લાખ ભક્તોએ સંગમમાં સ્નાન કર્યું છે, જેમાં ઘણી પ્રખ્યાત હસ્તીઓનો સમાવેશ થાય છે.

**બાઇટ – અભિષેક**

# MAHAKUMBH - NAVNEET SEHGAL

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહગલે કહ્યું છે કે કુંભવાણી સ્ટેશન પર મહાકુંભનું પ્રસારણ પ્રસાર ભારતીના સચોટ અને વિશ્વસનીય માહિતી પ્રસારિત કરવાના ઉદ્દેશ્યને દર્શાવે છે. ગઇકાલે સંગમમાં પવિત્ર ડૂબકી લગાવ્યા બાદ પ્રયાગરાજના કુંભવાણી રેડિયો સ્ટેશન ખાતે એક કાર્યક્રમ દરમિયાન શ્રી સેહગલે આ મુજબ જણાવ્યું હતું. આ રેડિયો કેન્દ્રની પ્રશંસા કરતા શ્રી સેહગલે કહ્યું કે તે મહાકુંભના જીવંત અને વિશ્વસનીય કવરેજ માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.

[બાઇટ - નવનીત સેહગલ]

શ્રી સેહગલે નૈની વિસ્તાર સંગમ સેક્ટર-4 ખાતે સ્થાપિત આકાશવાણી અને દૂરદર્શન સેન્ટરના સ્ટુડિયોનું નિરીક્ષણ કર્યું અને પ્રસારણ પ્રણાલીની સમીક્ષા કરી. તેમણે આ કાર્યક્રમનું વ્યાપક કવરેજ સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો. શ્રી સેહગલનો અંદાજ છે કે પ્રસાર ભારતી આકાશવાણી, કુંભવાણી, દૂરદર્શન અને વેવ્ઝ ઓટીટી દ્વારા લગભગ 100 કરોડ લોકો સુધી પહોંચ્યું છે. શ્રી સેહગલે કહ્યું કે ભવિષ્યમાં પણ આવી નવીનતાઓ ચાલુ રહેવી જોઈએ જેથી માસ કોમ્યુનિકેશન દ્વારા વધુને વધુ લોકોને લાભ મળી શકે.

[બાઇટ -નવનીત સેહગલ 2/મેઇલ]

શ્રી સહગલે જણાવ્યું હતું કે મહાકુંભની દરેક મહત્વપૂર્ણ પ્રવૃત્તિ દેશ અને વિદેશમાં રહેતા શ્રદ્ધાળુઓ સુધી સરળતાથી પહોંચી શકે તે માટે અવિરત માહિતી પ્રસાર માટે આધુનિક ટેકનોલોજી અપનાવવી જોઈએ.

# MORN. NATIONAL GAMES- CLOSING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે હલ્દવાનીમાં 38મા રાષ્ટ્રીય રમતોના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 28 જાન્યુઆરીએ દેહરાદૂન સ્થિત મહારાણા પ્રતાપ સ્પોર્ટ્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય રમતોનું ઉદ્ઘાટન કર્યું હતું. 38મા રાષ્ટ્રીય રમતોમાં જુદી જુદી 35 સ્પર્ધાઓ યોજાઈ હતી. ઉત્તરાખંડમાં દહેરાદૂન ઉપરાંત હલ્દવાની, હરિદ્વાર અને રુદ્રપુર જેવા શહેરોમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. રાષ્ટ્રીય રમતોનો સમાપન સમારોહ બપોરે 2 વાગ્યે હલ્દવાનીના આંતરરાષ્ટ્રીય રમતગમત સંકુલમાં શરૂ થશે. ગૃહમંત્રી અમિત શાહ ઉપરાંત, કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, મેઘાલયના મુખ્યમંત્રી કોંગકલ સંગમા, કેન્દ્રીય માર્ગ અને પરિવહન રાજ્યમંત્રી અજય તમટા, ઉત્તરાખંડના રમતગમત મંત્રી રેખા આર્ય, નૈનીતાલના સાંસદ અજય ભટ્ટ, ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ અને સાંસદ પીટી ઉષા ઉપસ્થિત રહેશે.

## WOMEN'S PREMIER LEAGUE

આજથી મહિલાઓ માટેની ક્રિકેટ પ્રિમીયર લીગની ત્રીજી સિઝનનો પ્રારંભ થઈ રહ્યો છે. આજે પ્રથમ મેચ વર્તમાન ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે વડોદરામાં રમાશે. ટુર્નામેન્ટમાં પાંચ ટીમો વચ્ચે કુલ 22 મેચો રમાશે. ફાઇનલ મેચ 15 માર્ચે મુંબઇમાં રમાશે.

પ્રિમીયર લીગની પ્રથમ સીઝનમાં મુંબઇ ઇન્ડિયન્સ અને બીજી સીઝનમાં આરસીબીએ ટ્રોફી જીતી હતી. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીની બે સીઝનમાંથી એક પણ મેચમાં સદી નોંધાઈ નથી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- ગુજરાત સમાચાર, નવગુજરાત સમય, અને દિવ્ય ભાસ્કરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમેરીકાની મુલાકાતનાં સમાચારને પ્રથમ પાને છાપ્યાં છે. નવગુજરાત સમયે પીએમ મોદી અમેરીકામાં ટ્રમ્પ અને મસ્ક સાથે મહત્વની મુલાકાતની હેડલાઈન્સ બનાવી છે.
- ગુજરાત સમાચારે પીએમ મોદીની બેઠક પહેલા ટ્રમ્પની ટેરીફ રણનિતીથી વિશ્વભરમાં સોપો ની હેડલાઈન્સ સાથે ટેરીફ વસૂલો એટલો ચૂકવો ટ્રેમ્પની જેવા સાથે તેવાની નિતિને મહત્વનું સ્થાન આપ્યું છે. અમેરીકાથી ગેરકાયદે ભારતીયો સાથેનું બીજું પ્લેન રવાના થયાનાં સમાચાર છાપ્યાં છે.
- ફૂલછાબે હિંસાગ્રસ્ત મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનની સ્ટોરીને હેડલાઈન્સ બનાવી છે. જ્યારે મોદી અમેરીકામાં ટ્રમ્પ સાથેની મંત્રણાની સ્ટોરીને બોક્સમાં મૂકી છે.નવ ગુજરાત સમયે હિંસાગ્રસ્ત મણિપુરમાં વિધાનસભા ભંગ રાષ્ટ્રપતિ શાસન લગાયાંને પ્રથમ સ્થાન આપ્યું છે.
- આ ઉપરાંત નવાં ઈન્કમટેક્સ બિલ અંગેનાં સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું છે. જેમાં ગુજરાત સમાચારે નવું ઈન્કમટેક્સ બિલ સંસદમાં રજૂ – સિલકેટ કમિટીને મોકલાયું તેને બોક્સમાં સ્થાન આપ્યું છે. જ્યારે ફૂલછાબે નવું આવકવેરા વિધેયક સંસદમાં રજૂ – શુ બદલાશે ? તેને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.

- જ્યારે સંદેશે લોકસભામાં નવું ઈન્કમટેક્સ બિલ 2025 રજૂ ને મુખ્ય હેડલાઈન્સ બનાવી છે. DOTA વોડાફોન – આઈડિયા પાસે 6 હજાર 91 કરોડની બેંક ગેરંટી માંગી તે સમાચારને પ્રથમ પાને બોક્સમાં સ્થાન આપ્યું છે.
- રાજસ્થાન પત્રિકાએ ક્રિપ્ટોકરેન્સી અને ડિજીટલ એસેન્ટ સંપત્તિ ગણવાની અને તેના પર ટેક્સની વાતને હેડલાઈન્સ બનાવી છે.